# ૧૧૭ રમતો ઉપર નારાયણ ઓલમ્પિયાડ રમતોત્સવ યોજાયો

કન્વીનર શિક્ષક: શૈલેન્દ્રસિંહ ગોહિલ

શાળાનાં વિદ્યાર્થીઓમાં વિશ્વ બંધુત્વની ભાવના વિકસે, શારીરિક અને નૈતિક ગુણોનો વિકાસ થાય. પરસ્પર સદ્ભાવના, મૈત્રી ભાવના વધે, વિવિધ રમતોનાં નીતિ-નિયમોને જાણે તે હેતુથી શાળામાં જાન્યુઆરી ૨૦૨૪ માં નારાયણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું. આ રમતોત્સવમાં ઇન્ડોર, આઉટડોર એવી કુલ ૧૧૭ વિવિધ રમતોને સામેલ કરવામાં આવી. આ રમતોત્સવમાં નર્સરીથી ધો. ૧૨ (ગુ.મા., અં.મા.) સુધીનાં તમામ વિદ્યાર્થીઓને સાંકળવામાં આવ્યાં. આ રમતોત્સવની વિશેષતા એ હતી કે વિદ્યાર્થીને જેટલી રમતોમાં ભાગ લેવો હોય તો તે ઓનલાઇન રજીસ્ટ્રેશન થકી નોંધણી કરાવી ભાગ લઇ શકતા હતા. કબડ્ડી, ખો-ખો, રસ્સા ખેંચ, ક્રિકેટ જેવી સામૂહિક રમતો ઇન્ટર કલાસ રમાડવામાં આવી. બાળકોએ ઉત્સાહપૂર્વક ઘણી બધી રમતોમાં ભાગ લીધો અને રમતોને જાણી.

આ ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન શાળાનાં ડાયરેકટર ડૉ. ભગુભાઇ પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ કર્યુ. મુખ્ય કન્વીનર તરીકે શૈલેન્દ્રસિંહ ગોહિલ, સહકન્વીનર તરીકે ચારૂલબેન, સુરેશભાઇ, અરવિંદભાઇ, મિલનબેન, વૈશાલીબેન, કિરણભાઇ, કુસુમબેન, રેખાબેન, ધૃતિબેન વગેરે શિક્ષકોએ કામગીરી નિભાવી. કોમ્પ્યુટર શિક્ષકો દિપીકાબેન, સોનલબેન, મયુરીબેન, મનાલીબેન, ખ્યાતિબેન, રેશ્માબેન, સ્નેહાબેન, રિતિક્ષાબેન વગેરેએ ઓનલાઇન રજીસ્ટ્રેશનની કપરી કામગીરી ખૂબ સફળતાપૂર્વક નિભાવી. જેમાં ૧૧૭ રમતોની નામની યાદી નીચે દર્શાવેલ છે.

- **એથ્લેટિક દોડ :** ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૫૦૦, ૮૦૦, ૧૫૦૦, ૩૦૦૦, ૫૦૦૦, ૧૦,૦૦૦ મી. દોડ, હાફ મેરેથોન
- **હર્ડલ્સ ઇવેન્ટસ :** ૧૧૦ મી પુ. હડલ્સ, ૧૦૦ મી પુ. હડલ્સ, ૫૦ મી પુ. હડલ્સ, ૪×૧૦૦ મી રીલે દોડ, ૪ × ૪૦૦ મી રીલે દોડ
- **કૂદ વિભાગ :** સ્ટેન્ડીગ બ્રોડ જમ્પ, સ્ટેન્ડીગ બ્રોડ જમ્પ, ઊંચીકૂદ, લાંબીકૂદ, લંગડી ફાડ કૂદ,
- **ફેંક વિભાગ :** દડા ફેંક, ડીશ થ્રો ફાઇબર, નાળિયેર ફેક, ગોળા ફેંક, ચક્ર ફેંક, જેવેલિયન થ્રો, બૂટ મોજા પહેંરવા, કોથળા દોડ, સોંય દોરો પરોવવો, લંગડી દોડ, ત્રિપગી દોડ, બટાટા રેસ, લીબુ ચમચી, કાંગારૂ રીલે, ટર્નર રીલે,ડક વોક, દેડકા કૂદ, દોરડા કૂદ, વિઘ્ન દોડ, ઝડપી ચાલ, બલૂન બેલેન્સ, ટાયર રેસ, ચાલો જળ ભરવા જઇએ, સિકકા શોધ, પીછે દોડ, વજન વહન રીલે, ડબલ રીલે રમત, સ્લો સાઇકલ, તેજ ચાલ, ઘોડા ગાડી રીલે, પંજો, કેરમ, ચેસ, કરાટે, ટેક વિન્ડોંસ, સાપ સીડી, લૂડો, કાચકોડી, ન્યુ બીગો, નવો વેપારી, કુસ્તી, યોગા, સૂર્ય નમસ્કાર
- **સામૂહિક રમતો :** લંગડી, સોનાનો રૂમાલ, સતોડિયું, ઊભી ખો, કબડ્ડી, રસ્સા ખેંચ, ખો-ખો, યુદ્ધ, વલય દંડ, ચટ-પટ-ખો, બેઠી-ખો
- **દેશી રમતો :** સંતા કૂકડી, નદી કે કિનારો, સ્ટેરયુ કીઝ, લખોટી, ભમરડો, ઇંડુ, છૂટી સાંકળ, કલર કલર, આંધળી ખિસકોલી, અમદાવાદ, આકાશ પાતાળ પૃથ્વી, કૂકડાની લડાઇ, જલેબી જંપ, હોળીનું નાળિયેર,ફુગ્ગા ફોડ, કેપ્ટન દડો, ડોલ દડો, વાંદરાની પૂંછડી, ગ્લાસ જીત, માર દડો, ગિલ્લી ડંડા, કેટલાં રે કેટલાં, હસતો રૂમાલ, શૂન્ય ચોકડી, ડોઝ બોલ, માટલા ફોડ, ભૂકંપ, બોબીગ ગેમ, બેડ મિન્ટન, હેન્ડ બોલ, વોલી બોલ, સાઇકલીગ (સ્લો /ઝડપી), ફૂટ બોલ, ક્રિકેટ, પિક અપ ડ્રોપ ગેમ, ઝીક ઝેક રીલે, રામ–રાવણ, બલૂન રેસ, હાથીની પૂછડી ચીતરવી, ઝેરી દડો, અંગ્રેજી આંઠડો, રગ્બીબોલ, અંડર પાસ બોલ, બકી સર્કલ, સ્પ્રીગ ઢોંસા.










# ૨૦૨૪-૨૫ ના તમામ વિભાગની (કોમન) શાળાકીય પ્રવૃત્તિઓ

**તા. ૩/૫/૨૪ : લોકસભા ચૂંટણી-૨૦૨૪** અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત શાળામાં મહારંગોળીનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૨ કલાકની જહેમત બાદ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ થકી ૨૫૦ કિલો રંગોના ઉપયોગથી ૨૦ × ૨૦ ના કદની મહારંગોળી બનાવવામાં આવી.






**તા. ૪/૫/૨૪ : વિષ્ણુયાગ :** શાળાનું વાતાવરણ પવિત્ર અને આધ્યાત્મિક બને, સર્વત્ર હકારાત્મક ઉર્જાનો પ્રસાર થાય એ હેતુથી શાળામાં ''વિષ્ણુયાગ'' યજ્ઞ કરવામાં આવ્યો. જેમાં **શાળાનાં સ્ટાફ પરિવાર મિત્રોએ ૧૧ યજ્ઞકુંડ પર બેસી પૂજા વિધિ કરી હતી. પિયુષભાઇ પુરોહિત અને તેમની ટીમ દ્વારા વિષ્ણુયાગની વિધિ** કરાવવામાં આવી હતી.




**તા. ૧૧/૬/૨૪ : વર્કશોપ સેમિનાર અને શાળાના શિક્ષકોની તાલીમ :** શ્રી પરેશભાઇ ભટ્ટ (સ્કીલ ટ્રેનર) : તેમણે શિક્ષક વિશેનો પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે, શિક્ષક એ આજીવન વિદ્યાર્થી છે. શીખવું અને શીખવાડવું એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. પરિવર્તન એ કાયમી છે. આપણા વાતાવરણમાં આવેલ પરિવર્તન આપણને ખબર હોવી જોઇએ. તેમણે માણસ અને મશીન વચ્ચેનો તફાવત જણાવતા કહ્યુ કે, જો **માણસમાં લાગણી, માગણી, ગુસ્સો અને જુસ્સો આ ચાર બાબતો ના હોય તો માણસ મશીન બની જાય છે.** શિક્ષક તરીકેની યાત્રા સંવેદનશીલ હોય છે. તેમણે કેળવણીની પ્રક્રિયાનાં ૧૪ મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી શિક્ષકોને ખૂબ સારું જ્ઞાનનું ભાથું પીરસ્યું છે. શૈક્ષણિક સત્રની શરૂઆત પૂર્વેનાં આ સેમિનારે શિક્ષકોમાં એક નવી ચેતના, નવી સ્ફૂર્તિ, નવા જ્ઞાનનો ઉદય કર્યો.





**તા. ૧૩/૬/૨૪ : શાળા પ્રવેશોત્સવ :** શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે સમૂહ પ્રાર્થના કરી ઊર્જામય ભાવાવરણ થકી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. બાળકોનું મોં મીઠું કરાવી, કંકુ તિલક કરી નવા શૈક્ષણિક વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી. શાળાના આચાર્યા બિનીતાબેન ગોહિલે તથા જિજ્ઞેશભાઇ જોષી દ્વારા પ્રેરણાત્મક વકતવ્ય થકી સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકોમાં એક નવો સંચાર, આનંદ- ઉલ્લાસનું સિંચન કર્યુ.

---

**તા. ૨૧/૬/૨૪ : વિશ્વ યોગ દિન :** જૂની મામલતદાર ઓફિસની સામે આવેલ સંકટ મોચન હનુમાનજી મંદિર ખાતે ભરૂચ નગરપાલિકા દ્વારા આયોજીત ૯ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં શાળાના ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નાના બાળકોએ શાળામાં જ યોગાસન કરી યોગ દિનની ઉજવણી કરી.

**તમારો ઉપયોગ કરવાવાળા તો તમારી કિંમત સારી રીતે જાણે છે.**
**એ તો બસ એ આશામાં હોય છે કે તમને તમારી સાચી કિંમતની ખબર ના પડે.**